## ખાતર ભાવ વધારાનો વિરોધ

# તલોદના વાવ ગામમાં ખેડૂતોનો ધોમધખતા તાપમાં તળાવમાં ધરણાં

### ભાવ વધારો પાછો નહીં ખેંચાય તો જલદ આંદોલનની ચીમકી





તલોદ, તા.૧૫
તલોદ તાલુકાના વાવ ગામના ખેડૂતોએ ખાતરના ભાવમાં અસહ્ય વધારો કરાતાં શનિવારે ધોમધખતા તાપમાં તળાવમાં ધરણાં કરી સરકાર અને વહીવટી તંત્રને ખેડૂતના મિજાજની પ્રતિતિ કરાવી હતી. ભાવ વધારો પાછો નહીં ખેંચાય તો જલદ આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ખાતરમાં ભાવ વધારો ઝીંકાતાં સાબરકાંઠા જિલ્લાના હજારો ખેડૂતોમાં સરકારની નીતિ સામે રોષ જોવા મળ્યો. ખુદ ભાજપ તરફી ખેડૂત સંગઠનોએ પણ જાહેરમાં ખાતરના ભાવ વધારાનો વિરોધ કર્યા પછી એક તબક્કે ગુજકો માસોલના ચેરમેન દિલીપ સંઘાણીએ જિલ્લા, તાલુકાના સહકારી ખરીદ વેચાણ સંઘોને પત્ર લખી ખાતર ઉત્પાદક કંપનીઓ દ્વારા ફોસ્ફેટીક ખાતરના ભાવમાં વધારો કરી નવા ભાવ સાથે ખાતર વિતરણ કરવાનું નક્કી કર્યું છે પરંતુ મંડળીઓએ આગામી ૨૪ કલાક સુધી ફેડરેશન દ્વારા કોઈ નવો આદેશ આપવામાં ન આવે ત્યાં સુધી નવા ભાવે ખાતરની ખરીદી કરવી નહીં તેવો પત્ર મોકલ્યો હતો.

જે સોશ્યલ મીડીયામાં વાયરલ થયો પરંતુ પત્ર વાયરલ થયાના ૪૮ કલાક પછી પણ ભાવ વધારો તો દૂર ન થયો પરંતુ સાંત્વનાના બે શબ્દો પણ આપવામાં આવ્યા નથી જેના કારણે ખેડૂતોમાં ખાતર ભાવ વધારા મુદ્દે રોષ વેગ પકડી રહ્યો છે. તલોદ તાલુકાના વાવ ગામના કેટલાક ખેડૂતોએ ખાતરનો ભાવ વધારો પરત ખેંચો, ખેડૂત વિરોધી મોદી સરકારના બેનરો સાથે તળાવમાં ઉભા રહી અનોખો વિરોધ કર્યો હતો.

# કોરોનાની ધાક ઓસરી : સાબરકાંઠા, અરવલ્લીમાં તરખાટ મચાવતો બ્લેક ફંગસ રોગચાળો

### પાછલા ૨૪ કલાકમાં કોરોનાથી માત્ર એકનું મોત, બિનસત્તાવાર મૃત્યુઆંક ૧૦થી વધુ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૫
મ્યુકર માઈકોસિસ રોગચાળાના કારણે ધીરે ધીરે કોરોનાની ધાક ઓસરી રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મ્યુકર માઈકોસિસ એટલે કે બ્લેક ફંગસ રોગચાળો તરખાટ મચાવી રહ્યો છે. નવા રોગના કારણે માત્ર ૧ દર્દીનું મૃત્યુ નિપજ્યું હોવાની પુષ્ટી મળી છે પરંતુ મૃત્યુઆંક ૪ થી વધુ હોવાની આશંકા છે. પાછલા ૨૪ કલાકમાં બંન્ને જિલ્લામાં કોરોનાથી માત્ર ૧ નું મોત નિપજ્યાનું રાજ્ય આરોગ્ય વિભાગે જાહેર કર્યું પરંતુ શીણાવાડ, બાયડ, હિંમતનગર સહિતના વિસ્તારોમાં મળી કુલ મૃત્યુ આંક ૧૦ થી વધુ હોવાની આશંકા છે. છેલ્લા કેટલાક સમયથી કોવિડ, નોન કોવિડનું વિભાજન કરી મૃત્યુના આંકડા દર્શાવાતાં અનેક સરકારી કર્મચારીઓ કે જે મૃત્યુ પામ્યા છે તેમના પરિવારજનો જરૂરી લાભથી વંચિત રહી શકે છે.

છેલ્લા ૧૪ મહિનાથી કોરોનાનો હાઉ એટલી હદે ઘર કરી ગયો છે કે દર્દી તો ઠીક પરંતુ કોઈ માત્ર કોરોના એવો ઉચ્ચાર કરે તો પણ પ્રજા ફફડી જાય છે. દૂર થી કોઈ છીંક ખાય તો પણ રસ્તો બદલી નાખે છે એટલી હદે કોરોનાનો ખોફ હતો. સાબરકાંઠા અરવલ્લીમાં એપ્રિલ અને મે. મહિનાના પ્રથમ પખવાડીયા સુધીમાં કોરોના અનેક લોકોને ભરખી ગયો છે. હોસ્પિટલોમાં બેડ ખાલી ન હતા. ઓક્સિજન વગર અનેક લોકો તરફડી તરફડીને મર્યા છે અને આવા દ્રશ્યો કોરોનાની સારવાર લઈને સાજા થઈને બહાર આવેલા દર્દીઓએ સરકારી કોવિડ હોસ્પિટલમાં ખાડે ગયેલી વ્યવસ્થા બાબતે જે ઘટસ્ફોટ કર્યો તે ચિંતાજનક છે. તંત્રની બેદરકારીથી કોરોનાના અનેક દર્દીઓ મોતને ભેટ્યા છે તેવું કહેવામાં કશું ખોટું નથી. પરંતુ હવે કોરોનાને હોંશિયામાં ધકેલીને બ્લેક ફંગસ તરીકે ઓળખાતા મ્યુકર માઈકોસિસના રોગચાળો સમગ્ર જિલ્લામાં તરખાટ મચાવ્યો છે. આરોગ્ય વિભાગ ગુપ્ત રાહે દરેક તાલુકામાંથી રિપોર્ટ મેળવી રહ્યું છે તે જોતાં સરકારી કોવિડ હોસ્પિટલો હવે બ્લેક ફંગસ રોગથી પીડીત દર્દીઓ માટે વધુ બેડની સુવિધા ઉભી કરવી પડે તે દિવસો દૂર નથી. એક સમય એવો હતો કે જિલ્લાની આરોગ્ય સેવાઓ અને સરકારી હોસ્પિટલની કામગીરી વખણાતી હતી પરંતુ વહીવટી તંત્ર અને વિભાગના અધિકારી-કર્મચારીઓ વચ્ચે યોગ્ય સંકલનનો અભાવ કે પછી કોઈ મુદ્દે મડાગાંઠના કારણે દર્દીઓને ભોગવવાનો વારો આવ્યો છે.

#### બંન્ને જિલ્લામાં ૮૦ થી વધુ કેસ હોવાની સંભાવના..

બાયડ : કેટલાક ખાનગી ડૉક્ટરો અને સમર્થનવાળા સૂત્રોનું માનીએ તો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બ્લેક ફંગસના ૮૦ થી વધુ કેસ હોવાની સંભાવના છે જેમાં મોડાસા, હિંમતનગર, ઈડર, તલોદ અને બાયડ તાલુકાના સર્વાધિક કેસ છે. કેટલાક દર્દીઓએ બ્લેક ફંગસના રોગચાળાની આશંકા ઉભી થતાં તાબડતોબ અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં સારવાર શરૂ કરી છે અને મધ્યમ વર્ગના દર્દીઓ મોંઘીદાટ સારવારથી પાયમાલ થઈ રહ્યા છે.

# ઉલટી ગંગા : રાજ્યમાં કોરોનાનું જોર ધીમું પડ્યું, સાબરકાંઠામાં કોરોના સંક્રમણ વધ્યું

રાજ્યમાં કોરોનાનું જોર ધીમું પડતું સરકાર અને આરોગ્ય વિભાગે રાહતનો દમ લીધો છે પરંતુ સાબરકાંઠામાં ઉલટી ગંગા જેવી સ્થિતિ છે. જિલ્લાના ૮ તાલુકામાં કોરોના સંક્રમણ કાબુમાં આવવાના બદલે ફરી બેકાબુ બન્યું સંક્રમણ વધ્યું છે. પાછલા ૨૪ કલાકમાં ૧૪૧ પોઝિટિવ કેસ સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસનો આંકડો ૬૦૦૦ની નજીક પહોંચી રહ્યો છે.

કોરોનાગ્રસ્ત અરવલ્લી જિલ્લામાં વિરોધ પક્ષ કોંગ્રેસને બોલવાની તક મળે તેવી સ્થિતિ ઉભી થઈ છે. હિંમતનગર સિવિલ સહિત જિલ્લાના સરકારી કોવિડ હોસ્પિટલોમાં અનેક દર્દીઓ હાલાકીનો ભોગ બન્યા છે. સતત સંક્રમણ બેકાબુ બન્યું છે. હજારો લોકો કોરોનાથી સંક્રમિત બની હોમ ક્વોરન્ટાઈન થયા છે પરંતુ જે રીતે પોઝિટિવ કેસ સતત ૧૦૦ થી ઉપર આવી રહ્યા છે તેને તબીબો ચિંતાજનક બતાવી રહ્યા છે અને તેના પાછળ શહેરી વિસ્તારો નહીં પરંતુ ગ્રામ્ય વિસ્તારોની પ્રજા કોરોનાથી વધુ સંક્રમિત થતાં આ સ્થિતિનું નિર્માણ થયાનું જણાવી રહ્યા છે.

#### ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ..

| તાલુકો | ગ્રામ્ય વિસ્તારના કેસ |
|---|---|
| હિંમતનગર | ૧૯૪૯ |
| પ્રાંતિજ | ૪૪૨ |
| ઈડર | ૬૨૪ |
| તલોદ | ૪૬૪ |
| વડાલી | ૧૬૪ |
| ખેડબ્રહ્મા | ૧૫૭ |
| પોશીના | ૪૮ |
| વિજયનગર | ૧૪૭ |

#### શહેરી વિસ્તારની પ્રજા વધુ જાગૃત, સંક્રમણ ઘટ્યું

બાયડ : કોરોનાની બીજી લહેરમાં સાબરકાંઠા જિલ્લાના શહેરી વિસ્તારોમાં પ્રજા કોરોનાથી બચવા વધુ જાગૃત બની છે. સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું, માસ્કનો ઉપયોગ કરવો, જરૂર સિવાય બહાર ન નિકળવું તેના કારણે ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારમાં સંક્રમણ અનેક ગણું ઘટ્યું છે. પોશીના અને વિજયનગરના શહેરી વિસ્તારમાં કેસ શૂન્ય રહ્યા છે.

# ગામડાઓમાં કોરોનાના કહેરથી મૃત્યુ આંક ઉંચકાયો

### ચિત્રોડા સ્મશાનગૃહમાં ત્રીજી સ્મશાન સગડીની વ્યવસ્થા

ઈડર, તા.૧૫.
કોરો ના એ ગામડાઓમાં આતંક મચાવ્યો હોય તેમ કોરોના નો રાફડો ફાટ્યો છે,અને સાથે સાથે મરણ નું પ્રમાણ પણ વધતા મોટા મોટા ગામોમાં એક જ સ્મશાન માં લાકડાઓ તથા એક સાથે વધુ મરણ સમયે વધારાની સગડી ની વ્યવસાથો કરાઈ રહી છે,ત્યારે ચિત્રોડા ખાતેના સાર્વજનિક સ્મશાન માં ગામની સ્મશાન કમિટી ધ્વરા કોરોના ની મહામારી ને ધ્યાન માં રાખી સ્મશાન ખાતે એક સાથે બે મૃતદેહ ને અગ્નિ આપવાની વ્યવસ્થા હતી ,ત્યારે ગામમાં મરણ નું પ્રમાણ વધતા સ્મશાન ગૃહ ખાતે ત્રીજી સ્મશાન સગડી અને વધારાના સૂકા લાકડાઓ ની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.



આ અંગે ચિત્રોડા સ્મશાન કમિટી ના સભ્ય કનુભાઈ પટેલ (ડિરેક્ટર, સાબરડેરી)ના જણાવ્યા પ્રમાણે ચિત્રોડા ખાતેના અંતિમધામ ખાતે બે સગડીઓ અને પૂરતા પ્રમાણ માં અગ્નિદાહ માટે લાકડાઓની વ્યવસ્થા હતી.અને ગામના દાતાઓ ધ્વરા તમામ પ્રકાર ની વ્યવસ્થા સ્મશાન ગૃહ ખાતે કરાયેલ હતી.

ત્યારે આ કોરોના ની વૈશ્વિક મહામારી ના સમય માં ગામમાં મરણ નું પ્રમાણ વધવા લાગ્યું છે ,છેલ્લા પંદર દિવસ માં ગામ માં લોકોના મરણ નું પ્રમાણ વધતા તાત્કાલિક ધોરણે સ્મશાનગૃહ કમિટી ના પ્રમુખ ડૉ. શશિકાન્ત ભટ્ટ ના માર્ગદર્શન હેઠળ ગામના પૂર્વ સરપંચ બાબુભાઈ પટેલ અને અન્ય કમિટી ના સભ્યો ગામના દાતાઓ પાસેથી ત્રીજી સ્મશાન સગડી ઉભી કરવાની તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે,તેમજ લાકડાઓ નો વધારા નો સ્ટોક કરવામાં આવી રહ્યો છે.,છેલ્લા એક અઠવાડિયા માં ચિત્રોડા ગામના પંદર એક લોકોના મરણ થાય છે.ત્યારે ગામની સ્મશાન કમિટી ના સભ્યો ધ્વરા ગામના સ્મશાન માં વધારાની વૈકલ્પિક વ્યવસ્થાઓ કરાઈ રહી છે.

# સાબરકાંઠા જિલ્લામાં કોરોનાની મહામારીમાં સરકાર નિષ્ફળ

### ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખનું રાજીનામું ભાજપના અનેક કાર્યકરોમાં અસંતોષની આંધી, પોતાના પરિવારને કોરોના રિપોર્ટ માટે કિટ ન મળી

સાબરકાંઠામાં કોરોનાની મહામારીમાં સરકાર અને તંત્ર સંપૂર્ણ નિષ્ફળ ગયું છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને વેન્ટીલેટર, રેમડેસિવિર ઈન્જેક્શન, ટેબીફ્લુ, રેપિડ કિટ, બેડની વ્યવસ્થા નથી.




હોસ્પિટલની વારંવાર મુલાકાત લીધી તેમાં ૫૦ થી ૬૦ એમ્બ્યુલન્સની લાઈનો લાગી હતી અનેક દર્દીઓ જીવન-મરણની લડાઈ લડી રહ્યા હતા અને વારંવાર ધારાસભ્ય તેમજ જિલ્લા પ્રમુખ-મહામંત્રીને રજૂઆત છતાં કોઈ વ્યવસ્થા થઈ ન હતી જેના કારણે ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ નરેશભાઈ ભરતભાઈ પરમારે હોદ્દા ઉપરથી રાજીનામું આપતો પત્ર જિલ્લા સંગઠન પ્રમુખને મોકલી આપતાં હલચલ મચી છે. કોરોનામાં તંત્ર અને સરકારની નિષ્ફળતાથી ભાજપના અનેક કાર્યકરોમાં અસંતોષની આંધી હોવાનો આક્રોશ વ્યક્ત થયો છે.

શિસ્તબદ્ધ ભાજપમાં હવે અનેક કાર્યકરોના શ્વાસ રૂંધાઈ રહ્યા છે. ભાજપનું મોટાપાયે કોંગ્રેસીકરણ થયા પછી ભાજપના અદના કાર્યકરોને અગણિત અન્યાય થઈ રહ્યો છે. સાબરકાંઠા જિલ્લાના પાટનગર હિંમતનગરની સિવિલ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ જરૂરી દવાઓ અને સારવારના અભાવે ટપોટપ મોતને ભેટી રહ્યા છે. આવા દ્રશ્યો જિલ્લા ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખે જોયા પછી સરકારના પ્રતિનિધિઓને ધ્યાન દોર્યું તો પણ કોઈ ઉકેલ ન આવ્યો. હિંમતનગરના ધારાસભ્ય, જિલ્લા સંગઠન પ્રમુખ વગેરેને વાત કર્યા પછી પણ રેપિડ ટેસ્ટની કિટ મળતી નથી અને હું પણ કશું કરી શકતો નથી. આખી જીંદગી પાર્ટી પાછળ ઘસી નાખીએ અને જ્યારે મારે તથા મારા પરિવારને ખાલી રેપિડ ટેસ્ટની જરૂરીયાત પૂરી ન થાય તો મારે જીવવું બેકાર છે. થોડા સમય માટે જીવન ટૂંકાવી દેવાનો વિચાર આવ્યો પરંતુ પત્નિએ હિંમત આપી અને છેલ્લે મારા અંતરાત્માનો અવાજ સાંભળી અ.જા.મોરચા સાબરકાંઠા જિલ્લાના પ્રમુખ પદેથી રાજીનામું આપવાનો નિર્ણય કરી રાજીનામું ધરી દીધું છે.

# ભવાનપુર પાસે નદીમાં ડૂબી જતાં બે યુવાનોનાં મોત, લાડકવાયાના મોતથી પરિવારનું કરૂણ આક્રંદ

### મેશ્વો ડેમમાંથી છોડાયેલું પાણી ઘાતક સાબિત થયું

કાળઝાળ ઉનાળામાં ઉનાળુ ખેતીને સિંચાઈનાં પાણી મળી રહ્યાં છે. શામળાજી નજીક મેશ્વો ડેમમાંથી નદીમાં પાણી છોડવામાં આવ્યું ત્યારે ભવાનપુર પાસે નદીમાં ન્હાવા પડેલા ગોવિંદ દિલીપભાઈ સડાત(ઉ.૧૭ વર્ષ), દેવેન્દ્ર દિનેશભાઈ સડાત(ઉ.૧૫ વર્ષ)નું ડૂબી જવાથી મોત નિપજતાં લાડકવાયાના મોતથી પરિવારના કરૂણ આક્રંદથી વાતાવરણ ગમગીન બની ગયું હતું. ભરઉનાળે જળઘાતના બનાવથી ગ્રામજનો સ્તબ્ધ બની ગયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં નદીઓ સૂકીભઠ્ઠ થયા પછી વિભાગ દ્વારા મૂંગા પશુઓ માટે નદીઓમાં પાણી છોડી લોકમાતાઓને જીવંત કરવાના પ્રયાસ કર્યા છે. મેશ્વો નદીમાં તાજેતરમાં પાણી છોડવામાં આવ્યું હતું ત્યારે શનિવારે અસહ્ય ગરમીથી ભવાનપુર ગામના બે યુવાન મિત્રોને નદીમાં મોત બોલાવતું હોય તેમ ન્હાવા માટેની લાલચ થઈ. નદીના પાણીમાં છબછબીયાં લગાવ્યાં અને ઉંડા



પાણીમાં ગરક થઈ ગયા. જ્યાં વધુ પડતું પાણી પી જવાથી મોત નિપજ્યું હતું. બપોર સુધી મોત અંગે પોલીસ મથકમાં કોઈ જાણકારી ન હતી જેના કારણે મૃત્યુનું સાચુ કારણ જાણી શકાયું નથી પરંતુ જળઘાતના કારણે સડાત પરિવારમાં માતમ છવાયો છે.



# ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટના મંત્રીનું નિધન

ધનસુરા ચૌધરી સમાજના આગેવાન તથા ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટના મંત્રી તથા ધનસુરા કેળવણી મંડળના કારોબારી સભ્ય માધુભાઈ શકરાભાઈનું અવસાન થયું હતું. પટેલ ગોવિંદભાઈ શામળભાઈ (મંત્રી ધનસુરા કેળવણી મંડળ, મંત્રી ધનસુરા નિવૃત્ત કર્મચારી મંડળ)ના પિતરાઈ મોટાભાઈ માધુભાઈ શકરાભાઈ પટેલનું અવસાન થતાં સમગ્ર આંજણા પાટીદાર સમાજમાં શોકની લાગણી પ્રસરી હતી જેને લઈ ગોવિંદભાઈ પટેલ મંત્રી ધનસુરા કેળવણી મંડળ અને સિનિયર સિટિઝનના સભ્યો અને અગ્રણીઓએ દુઃખની લાગણી વ્યક્ત કરી હતી અને સૌએ શ્રધ્ધાંજલિ પાઠવી હતી અને પ્રભુ પરમાત્મા તેમની આત્મા ને શાંતિ આપે તેવી પ્રભુ ને પ્રાર્થના કરી હતી.